સુવિચાર : જુદા જુદા ધરમ મળે જુદા જુદા ખ્યાલ મળે... નવાઈ છે કે સૌનું લોહી તોય લાલ મળે... - રાજેશ વ્યાસ

પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૨૫૪ | ૨૫ નવેમ્બર, ૨૦૧૫, બુધવાર ; કારતક સુદ - ૧૪/૧૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

તાપમાન
મહત્તમ : ૩૩.૪ ડીગ્રી
લઘુતમ : ૨૧.૨ ડીગ્રી
ભેજ
સવારે ૫૬ ટકા ● સાંજે ૪૮ ટકા

ફટાફટ ન્યુઝ

- આમિર દેશના લોકોને હવે ડરાવી રહ્યો છે : ભાજપ
- મુંબઈ સહિત મોટા શહેરોમાં આતંકવાદી હુમલાનો ખતરો
- નાગા આતંકવાદીઓને કેમ્પથી મ્યાનમાર સેના ખદેડી રહી છે
- બળવાખોરો હજુ મોટા હુમલાઓની તૈયારીમાં
- ભારત-દક્ષિણ આફ્રિકા વચ્ચે આજથી ત્રીજી ટેસ્ટ
- રાહુલની નાગરિકતા અંગે સુનાવણી કરવાનો ઈન્કાર
- અંતો બો સાર્કલોમાં વીડિયોકોન સ્પેક્ટ્રમ આઇડિયાએ મેળવ્યા
- સેન્સેક્સ ૪૪ પોઈન્ટ ઘટીને ૨૫૭૭૬ની સપાટીએ રહ્યો
- ભારત-સિંગાપુર વચ્ચે ૧૦ સમજુતિ પર હસ્તાક્ષર
- ૨૦૧૫ દરમિયાન કોમવાદી હિંસાથી ઓછા લોકોના મોત નોંધાયા

શ્રમ કાયદા સરળ બનાવાશે

નવી દિલ્હી,તા. ૨૪

પ્રાઈવેટ સેક્ટરમાં કામ કરનાર કર્મચારીઓને હવે ગ્રેજ્યુએટી ગુમાવી દેવાના ડરથી કંપની સાથે જોડાયેલા રહેવાની ફરજ પડશે નહીં અને વર્કિંગ વુમનને છ મહિનાની મેટરનિટી રજાઓ પણ મળી શકશે. સરકાર હવે નવી હિલચાલની દિશામાં આગળ વધી રહી છે. ખાનગી સેક્ટરમાં કામ કરતા કર્મચારીઓને વધુ સુવિધાઓ અને લાભ આપવાની દિશામાં સરકાર આગળ વધી રહી છે. સરકાર એવા પ્લાન ઉપર આગળ વધી રહી છે જે પ્લાનમાં તમામ કર્મચારીઓને અપાતા લાભમાં વધારો કરવામાં આવશે.

એક સીનિયર ઓફિસરે આ અંગેની માહિતી આપતા કહ્યું છે કે, સરકાર દેશમાં ૪૦ કરોડથી વધારે વર્કરોના બેનિફિટ વધારવા માટે સોશિયલ સિક્યુરિટી લોમાં ધરખમ ફેરફાર કરવાની દિશામાં આગળ વધી રહી છે. સરકારનું ધ્યાન દેશમાં બિઝનેસ કરવાની ગતિવિધીને વધારે સરળ બનાવવાનું રહ્યું છે. સરકારને લાગે છે કે તેના આ પગલાથી બીજા શ્રમ સુધારાઓ માટે પણ સમર્થન એકત્રિત કરવામાં મદદ મળી શકે છે. શ્રમ મંત્રાલય સોશિયલ સિક્યોરિટી કોડને આખરી ઓપ આપવામાં કામમાં વ્યસ્ત છે. સોશિયલ સિક્યોરિટી કાયદાને સરળ બનાવવા માટે તેમાં અડધા ડઝનથી વધુ કાયદાને મર્જ કરવામાં આવનાર છે. સરકાર જે કાયદાઓને ઉદાર બનાવવા ઉપર કામ કરી રહી છે તેમાં વર્કિંગ વુમનને વધારે મેટરનિટી રજા મળી શકશે. સાથે-સાથે ગ્રેજ્યુએટી પોર્ટેબલ પણ બનાવવામાં આવશે. સોશિયલ સિક્યોરિટી કોડમાં જે મુખ્ય કાયદાઓને મિક્સ કરવામાં આવશે

ખાનગી સેક્ટરના કર્મચારીઓને વધુ લાભો આપવા વિચારણા : ગ્રેજ્યુએટી માટે પાંચ વર્ષની મર્યાદા ખતમ થઈ શકે છે : ગ્રેજ્યુએટી ગુમાવી દેવાના ડરથી કંપની સાથે જોડાઈ રહેવાની બાબત ખતમ થઈ જશે : હવે નોકરી કરતી મહિલાને છ મહિનાની મેટરનિટી રજા અપાશે

● અનુસંધાન પાન-૭ પર

આમિરના નિવેદનથી સાથી કલાકારો ખફા

નવી દિલ્હી,તા. ૨૪

બોલીવુડ સ્ટાર આમિર ખાનના અસહિષ્ણુતાના મુદ્દે નિવેદન બાદ બોલીવુડના ઘણા કલાકારો પણ આમિર ખાનની વિરુદ્ધમાં આવી ગયા છે અને તેની ઝાટકણી કાઢી છે. આમિર ખાન સામે પ્રશ્નો પણ ઉઠાવવામાં આવ્યા છે. પીઢ અભિનેતા અનુપમ ખેરે પ્રશ્નો ઉઠાવતા કહ્યું છે કે, આમિર ખાન ભારતમાંથી નિકળીને કિરણ કયા દેશમાં રહેવા ઈચ્છુક છે. આમિર ખાને એક નિવેદનમાં એમ કહ્યું હતું કે કિરણ પોતાના બાળકોની સુરક્ષા અને ભાવિને લઈને ચિંતિત છે.

અન્ય અભિનેતા પરેશ રાવલે પણ આમિર ખાનને સ્પષ્ટ સલાહ આપી દીધી છે. અનુપમ ખેરે કહ્યું છે કે, આમિર ખાને કિરણને એવો પ્રશ્ન કર્યો છે કે તે કયા દેશમાં રહેવા ઈચ્છુક છે. દેશના લોકોએ આપને આમિર ખાન બનાવ્યા છે તે વાત કિરણ સાથે કરી છે કે કેમ તેવો પ્રશ્ન પણ અનુપમ ખેરે કર્યો છે. મિનિટોમાં જ અનુપમના ટ્વીટ વાયરલ થઈ ગયા હતા અને તેને જોરદાર સમર્થન પણ મળ્યું હતું.



અનુપમ ખેર, પરેશ રાવલ દ્વારા પ્રશ્નો ઉઠાવાયા : હિન્દુ દેશમાં આમિર, શાહરૂખ અને સલમાન જે મુસ્લિમ છે તે મોટાસ્ટાર છે તો અસહિષ્ણુતા ક્યાં છે : રામગોપાલ

● અનુસંધાન પાન-૭ પર

ચેન્નાઈ સહિત તમિળનાડુમાં ભારે વરસાદથી જનજીવન ખોરવાયુ

ઉત્તરપૂર્વ મોનસુન વધારે સક્રિય હોવાથી લોકોને હાલમાં કોઈ રાહત નહી મળે: કુલ ૭૨૦૦૦ લોકો રાહત કેમ્પમાં

ચેન્નાઈ,તા. ૨૪

ચેન્નાઈ સહિત તમિળનાડુમાં ભારે વરસાદ જારી રહેતા જનજીવન સંપૂર્ણપણે ખોરવાઈ ગયુ છે. નીચાણવાળા વિસ્તારો હજુ પણ જળબંબાકાર થયેલા છે. જુદા જુદા વિસ્તારોમાં હજારો મકાનો પાણીમાં ડુબી ગયા છે. ૭૨૦૦૦થી વધુ લોકો હાલમાં રાહત કેમ્પમાં છે. સામાન્ય લોકોને હાલ રાહત નહી મળે તેવી શક્યતા છે. કારણે ઉત્તરપૂર્વ મોનસુનની સ્થિતી વધારે સક્રિય થઈ રહી છે. તમિળનાડુ અને પુડુચેરીમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. બચાવ અને રાહત કામગીરી

● અનુસંધાન પાન-૭ પર

હોટલ પથિકાશ્રમ
પાર્ટી પ્લોટ
લગ્ન પ્રસંગ તથા શુભ પ્રસંગોની ઉજવણી માટેનું ઉત્તમ સ્થળ
• ગુજરાતી થાળી • મલ્ટી ક્યુઝન રેસ્ટોરન્ટ
• કાફે (24x7) • બેન્કવેટ્સ • રૂમ્સ (A.C/Non A.C)
98258 01780/82